સમરસ છાત્રાલયોમાં "રાઉન્ડ ધ કલોક" વોર્ડનની નવી ૬૩ જગ્યાઓ આઉટસોર્સીંગથી ભરવાની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત

**રૂ. ૧૨.૦૦ લાખની મંજૂરી**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:અજાક/૧૦૨૦૧૯/ન.બા-૮૧/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૩/૦૯/૨૦૧૯

વંચાણમાં લીધા-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૯/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૧૯-૨૦/૫૫૮૧-૮૨

આમુખ:-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના સમરસ છાત્રાલયોમાં "રાઉન્ડ ધ કલોક" તરીકે વોર્ડનની ૬૩ જગ્યાઓ આઉટસોર્સીંગથી ભરવા માટે નિયામકશ્રી, અ.જા.કએ વંચાણે લીધા ક્રમ(૧) પરના તા.૨૯/૦૫/૨૦૧૯ના પત્રથી રૂ.૧૨.૦૦ લાખની વર્ષ ૨૦૧૯-૨૦ની નવી બાબતને મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. જે અન્વયે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં સમરસ છાત્રાલયોમાં "રાઉન્ડ ધ કલોક" તરીકે વોર્ડનની ૬૩ જગ્યાઓ માટે કુલ રૂ. ૧૨.૦૦ લાખની બજેટ જોગવાઈ થયેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉપર્યુક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકના સમરસ છાત્રાલયોમાં "રાઉન્ડ ધ કલોક" તરીકે વોર્ડનની ૬૩ જગ્યાઓ આઉટસોર્સીંગથી ભરવા માટે વર્ષ ૨૦૧૯-૨૦ની રૂા. ૧૨.૦૦ લાખની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. તેમજ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમાનુસાર ઉમેદવાર નિયત થયેલ કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૭) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૮) આઉટસોસીંગથી સેવાઓ લેવાની થતી હોય તેવા કિસ્સાઓમાં સામાન્ય વહીવટ વિભાગના તા:૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવના આધારે કાર્યવાહી કરવાની રહેશે.

(૯) ૧૧ માસ માટે કરારથી ફિકસ પગારના ધોરણે જગ્યાઓની ભરતીની લાયકાતો અને ભરતીના નિયમો અને સેવાઓની બોલીઓ અને શરતો મંજૂર કરાવ્યા બાદ આ જગ્યાઓની ભરતીની કાર્યવાહી કરવાની રહેશે.

ઉકત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંક :- ૯૫

મુખ્ય સદર :- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ,

પેટા મુખ્ય સદર:- ૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ,

ગૌણ સદર :- ૨૭૭-શિક્ષણ

પેટા સદર :- (૨૦), SCW-૧૨, સરકારી સમરસ છાત્રાલયોના સ્થાપના અને વિકાસ

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૨/૦૯/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ, વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે...
- પસંદગી ફાઇલ-૨૦૧૯.